૧૫-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - તમારે લૌકિક-અલૌકિક પરિવાર સાથે તોડ નિભાવવાનો છે, પરંતુ કોઈમાં પણ મોહ નથી રાખવાનો, મોહજીત બનવાનું છે"**

**પ્રશ્ન :-** કયામત નો આ સમય છે, એટલે બાપની કઈ શ્રેષ્ઠ મત બધાંને સંભળાવતાં રહો?

**ઉત્તર :-** બાપ ની શ્રેષ્ઠ મત સંભળાવો કે કયામત પહેલાં પોતાનાં પાપો નો હિસાબ-કિતાબ ચૂક્તું કરી લો. પોતાનું ભવિષ્ય શ્રેષ્ઠ બનાવવા માટે બાપ પર પૂરે-પૂરાં બલિહાર જાઓ. કયામત નાં પહેલાં જ્ઞાન અને યોગ થી મુક્તિ-જીવનમુક્તિ નો વારસો લઈ લો. બધો પુરુષાર્થ હમણાં જ કરવાનો છે. બાપ પર બધુંજ બલિહાર કરશો તો ૨૧ જન્મો માટે મળી જશે. બાપનાં બનીને દરેક કદમ પર ડાયરેક્શન (માર્ગદર્શન) લેતાં રહો.

**ઓમ્ શાંતિ!** બાપ બેસી બાળકોને સમજાવે છે. હમણાં તમારે ૩ બાપ સાથે તોડ નિભાવવાનો છે. ભક્તિમાર્ગ માં બે બાપ સાથે તોડ નિભાવવાનો હોય છે. જ્યારે સતયુગ માં છો તો એક બાપ સાથે તોડ નિભાવવાનો હોય છે. ઠીક છે ને? હિસાબ બુદ્ધિમાં બેસે છે? જેનું બનવાનું હોય છે, એની સાથે તોડ પણ નિભાવવાનો હોય છે એટલે બાપ કહે છે લૌકિક કુટુંબ પરિવાર સાથે પણ તોડ નિભાવવાનો છે અંત સુધી. કોઈ લૌકિક સંબંધીને ચિઠ્ઠી લખો છો તો વાયા પોસ્ટ ઓફિસ (પોસ્ટ ઓફિસ થઈને) જાય છે. અહીં પણ બેહદનાં બાપને ચિઠ્ઠી લખો છો, શિવબાબા કેયર ઓફ બ્રહ્મા. આ વાતોને સિવાય તમારા બીજું કોઈ નથી સમજતું. અહીં કોઈ નવાં વ્યક્તિ આવીને બેસે અને બાબા કહે, તમારે ૩ બાપ છે, તો સમજી ન શકે. એક છે લૌકિક બાપ. બીજા - આ સંગમયુગી અલૌકિક બાપ અને ત્રીજા પારલૌકિક બાપ તો બધાનાં છે જ. ભક્તિમાર્ગ માં પણ છે તો હમણાં પણ છે. આ કોઈ જાણતું નથી. ફક્ત એમનું ગાયન પૂજન કરે છે. આપ બાળકો ત્રણેય બાપની જીવન કહાણી જાણો છો. કેટલી વાતો સમજાવવી પડે છે.

સતયુગ માં બધાં સદ્ગતિ માં છે. સુખી જ સુખી છે. બધાં સુખધામ, શાંતિધામ માં છે. રાવણ રાજ્ય માં બધાં દુઃખી છે. દેવતાઓ વામમાર્ગ માં જાય છે તો ઉતરવા લાગી જાય છે. દેખાડે છે સોનાની દ્વારકા પાણીની નીચે ચાલી ગઈ. આ ચક્ર ફરતું રહે છે. નવી ઉપર આવશે તો જૂની પછી નીચે ચાલી જશે. પછી સતયુગ નીચે જશે તો કળિયુગ ઉપર આવી જશે. પછી સતયુગ ઉપર ક્યારે આવશે? ૫ હજાર વર્ષ પછી. બાળકોની બુદ્ધિમાં આ બધું જ્ઞાન આવી ગયું છે. જ્ઞાન તો સહજ છે. ફક્ત યોગની મહેનત કરવી પડે છે. કોઈ વધારે યાદ કરે છે, કોઈ થોડું યાદ કરે છે. તો માતા-પિતા બાળકોને સમજાવે છે - લૌકિક સંબંધીઓ સાથે પણ તોડ નિભાવવાનો છે. આજે નહીં તો કાલે એમની પણ બુદ્ધિમાં બેસશે. જોશે આ તો ઠીક છે. એક બાપ ને યાદ કરવાનાં છે. કોઈપણ સાધુ-સંત ગુરુ વગેરે ને યાદ નથી કરવાનાં. યાદ ચૈતન્ય ને પણ કરે છે તો જડ ને પણ કરે છે. સતયુગ માં કોઈમાં પણ મોહ નથી રહેતો. ત્યાં મોહજીત હોય છે. અહીં બધામાં મોહ રહે છે. ફરક છે ને. ડ્રામામાં દરેક યુગનાં રીત-રિવાજ પોત-પોતાનાં છે. આ બાપ સમજાવે છે કારણ કે બાપ જ નોલેજફુલ (જ્ઞાન સાગર) છે. છે આ પણ બાપ, એ પણ બાપ. એ પણ ક્રિયેટર (રચયિતા), આ પણ ક્રિયેટર. બ્રહ્મા દ્વારા ક્રિયેટ કરે (રચે) છે. એડોપ્ટ કરે (અપનાવે) છે. એડોપ્ટ કરવા અર્થાત્ પોતાનાં બનાવવાં. શૂદ્ર ધર્મ વાળા, જેમનાં અનેક જન્મો નો પણ અંતનો જન્મ છે, એમને બાપ એડોપ્ટ કરે છે. આપ બાળકો બાપને જાણી ગયાં છો અને બાપ દ્વારા સૃષ્ટિ ચક્ર ને પણ જાણી ચૂક્યાં છો. બાપ દ્વારા શું વારસો મળે છે, એને પણ જાણી ગયાં છો. તમે મોટાં છો, સમજો છો ત્યારે તો

એડોપ્ટ થયાં છો. વગર સમજે એડોપ્ટ કેવી રીતે થશો. કોઈને પોતાનું બાળક નથી હોતું તો બીજાને પોતાનું બનાવે છે. સાહૂકારો નાં જ બાળક બનશે. ગરીબ નાં થોડી બાળક બનશે. બાપ કહે છે મને બાળકો જોઈએ. જરુર એડોપ્ટ કરશે. આ પણ તમે જાણો છો - એડોપ્ટ એમને કરશે જેમને કલ્પ પહેલાં કર્યા છે. જે કલ્પ પહેલાં પાર્ટ ચાલ્યો છે, તે જ એક્ટ રિપીટ થતી (પાર્ટ પુનરાવર્તિત થતો) જશે. જ્યારે મારા બનશે ત્યારે એમને ભણાવીશ. બાપ ને અને ઘર ને યાદ કરો. સુખધામ અને શાંતિધામ ને યાદ કરવા ખૂબ સહજ છે. પરંતુ બુદ્ધિ ખૂબ વિશાળ જોઈએ. નાનાં બાળકો સમજી નહીં શકે. તેઓ ફક્ત બાબા, બાબા કહેશે બીજા કોઈની પાસે જશે નહીં. અહીં તો બધી છે ગુપ્ત વાતો. સમજ પણ છે - બુદ્ધિને તાકાત મળે છે. તાકાત મળવાથી સોના નાં બની જાય છે. કોઈ કમજોર હોય છે તો એમને સોનાનું સોલ્યુશન પીવડાવે છે. સોનાનું પાણી પણ બનાવે છે. અહીં તો તમને રુહાની જ્ઞાન મળી રહ્યું છે. આ જ્ઞાન જ કમાણી છે. જ્ઞાન તો બધાંને એક જ મળે છે, પછી જે પુરુષાર્થ કરે. આમાં મૂંઝાવાની કે ગભરાવાની કોઈ વાત નથી. ફક્ત બાબા નાં બનવાનું છે. બાપનાં વારસાને યાદ કરવાનો છે. આખો દિવસ તો નિરંતર યાદ કરી નહીં શકો. ધંધો વગેરે પણ કરવાનો છે. કોઈને તો ધંધો વગેરે પણ નથી, તો પણ યાદ નથી કરી શકતાં. જ્યાં સુધી કર્માતીત અવસ્થા નથી થઈ, પુરુષાર્થ કરતા રહેવાનું છે. તે વાયુમંડળ દેખાશે. સમજશે હવે સમય નજીક આવતો જાય છે. જ્યારે ખૂબ દુઃખ આવશે તો પછી ભગવાન ને યાદ કરતા રહેશે. મોત સામે દેખાશે. તમારામાં પણ બધાંને પોતાની અવસ્થા ની ખબર પડી જશે કે અમારી કમાણી ઓછી છે. યોગ હશે તો આત્મા માંથી ખાદ નીકળતી જશે. પછી બાબા પણ બુદ્ધિનું તાળું ઢીલું કરશે. મનુષ્ય બીમારી માં ઈશ્વરને યાદ કરે છે, ડર હોય છે. બધાં એમને યાદ કરાવે છે - રામ કહો, રામ કહો. બાપ પણ કહે છે બાપ અને વારસા ને યાદ કરતા રહો. એક-બીજાને સાવધાન કરી ઉન્નતિ મેળવવાની છે. એવું નહીં પુરુષ ચાલે, સ્ત્રીને ન ચલાવે. આ જોડું છે હાફ પાર્ટનર નું, પરંતુ આજકાલ હાફ પાર્ટનર પણ સમજતાં નથી. કોઈ-કોઈ ઈજ્જત રાખે છે. નહીં તો આજકાલ બાળકો એવાં નીકળી પડે છે જે બાપની મિલકત ને ઉડાવી દે છે, મા ને પૂછતા પણ નથી. ત્યાં તો આ બધી વાતો હોતી નથી, ક્યારેય દુઃખ નથી હોતું. અહીં પહેલાં-પહેલાં દુઃખ જ મળે છે, સગાઈ કરી અને લાગી કામ કટારી. દેવીઓને તલવાર વગેરે દેખાડે છે. હકીકતમાં આ છે જ્ઞાન નાં અલંકાર. સ્વદર્શન ચક્ર પણ દેવતાઓને નથી. આ આપ બ્રાહ્મણો નાં છે. ગદા પણ તમારી નિશાની છે. જ્ઞાન ની ગદા થી તમે માયા પર જીત મેળવો છો. બાકી ત્યાં એવી વસ્તુની જરુર નથી રહેતી. ત્યાં ખૂબ મોજ થી રહો છો. તપસ્યા કરવાની પણ જરુર નથી. એ તો તપસ્યા નું ફળ છે. સૂક્ષ્મ વતન માં છે ફરિશ્તા. એ છે ફરિશ્તાઓની દુનિયા. અહીં ફરિશ્તા નથી રહેતાં. દેવતાઓને દેવતા કહેવાશે. એ છે ફરિશ્તા અને અહીં છે મનુષ્ય. બધાનાં અલગ-અલગ સેક્શન (વિભાગ) છે. સતયુગ માં દેવતાઓ રાજ્ય કરે છે. એ છે ટોકી (અવાજ ની) દુનિયા. સૂક્ષ્મવતન માં છે મૂવી (ઈશારા ની) દુનિયા. દુનિયા પણ ૩ છે, મૂળવતન, સૂક્ષ્મવતન અને સ્થૂળવતન. ત્રણેય લોક કહે છે ને. તમારી બુદ્ધિમાં આ પ્રેક્ટિકલ માં (ખરેખર) છે. મનુષ્ય તો સાંભળેલા-સંભળાવેલાં પર ચાલે છે. તમે સારી રીતે જાણો છો કે આ દુનિયાનું ચક્ર કેવી રીતે ફરે છે. ત્રણેય લોકો ને જાણો છો. સિવાય બાપ નાં આદિ-મધ્ય-અંતનું રહસ્ય કોઈ બતાવી ન શકે. કોઈ પણ ત્રિકાળદર્શી નથી. આ થોડી કોઈ જાણે છે કે મૂળવતન માં આત્માઓ ક્યાં, કેવી રીતે રહે છે. તમે જાણો છો ત્યાં આત્માઓ નું ઝાડ છે. ત્યાંથી નંબરવાર આવે છે. આપણે સર્વ આત્માઓ બાળકો શિવાબાબાની માળા છીએ. જેમ સીઝરો (વિભાગ) બનાવે છે. ક્રિશ્ચન લોકો પણ ઝાડ બનાવે છે. ખુશી મનાવે છે. ક્રાઈસ્ટ નો બર્થ ડે (જન્મદિવસ) મનાવે છે. હવે તમે કોનો બર્થ ડે મનાવશો? મનુષ્યો ને આ ખબર જ

નથી કે આપણા ધર્મસ્થાપક કોણ છે? બીજા બધાં ધર્મ સ્થાપન કરવાવાળા નો હિસાબ-કિતાબ કાઢે છે. દેવી-દેવતા ધર્મ કોણે સ્થાપન કર્યો, આ કોઈને ખબર નથી. બાપ બેસી સમજાવે છે, મેજોરીટી (વધારે સંખ્યા) માતાઓની છે. શક્તિઓનું માન વધારવું જોઈએ. એવું નહીં કે આપણને દેહ-અભિમાન આવી જાય, આપણે હોશિયાર છીએ. નહીં. તો પણ માન રાખવાનું છે માતાઓનું. નામ જ છે બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય. જ્ઞાનનો કળશ માતાઓનાં માથા પર રાખે છે. એ તીખી (હોશિયાર) છે. સરસ્વતી નાં હાથમાં સિતાર આપ્યો છે. શ્રીકૃષ્ણ અને સરસ્વતી નાં સંબંધ ની પણ ખબર નથી. સરસ્વતી બ્રહ્માની દીકરી છે. આ પણ કોઈને મુશ્કેલ ખબર હશે. દરેક વાત સારી રીતે સમજાવાય છે.

બાપે સમજાવ્યું છે - આ જ્ઞાન-યોગ નાં સિવાય કોઈ પણ મુક્તિ-જીવનમુક્તિ મેળવી ન શકે. બીજા બધાં તો આ ભણશે પણ નહીં. દરેકે પોતાનો હિસાબ-કિતાબ ચૂક્તું કરવાનો છે. પાપ નો દંડ તો મળે જ છે. દુનિયા વાળા એ નથી સમજતાં કે હમણાં કયામતનો સમય છે. તમારા બધાં પાપોનો હિસાબ-કિતાબ ચૂક્તે થવાનો છે. ભવિષ્ય માટે આટલું જમા કરવાનું છે જે અડધોકલ્પ ચાલી શકે. બધો પુરુષાર્થ હમણાં કરવાનો છે. બાપ કહે છે બધુંજ બલિહાર કરી દો તો એનું ફળ ૨૧ જન્મો માટે મળી જશે. ગરીબ ઝટ સોદો કરી શકે છે. જેની પાસે લાખ-કરોડ છે, બુદ્ધિમાં બેસી ન શકે. બાપ કાંઈ લેતા નથી. કહે છે - તમે ટ્રસ્ટી (નિમિત્ત) થઈને સંભાળો. શ્રીમત પર તમે ચાલો. હું તો જીવું છું. કોઈ જીતે જી (જીવતા) પણ ટ્રસ્ટ માં આપે છે. સમજે છે અચાનક મરી જાઉં તો ઝઘડો થઈ જશે. બાબા પણ જીતે જી બેઠાં છે. કહે છે - બાપ નાં બની ડાયરેક્શન (માર્ગદર્શન) લો. આ કરું કે ન કરું. બાબા સલાહ આપશે ભલે આ કરો - દરેકની અવસ્થા પર આધાર છે. કોઈ વિલ પણ કરી લે છે. મોહ પણ ઘણાઓમાં છે, જે પોતાનાં પગ પર હશે એને પણ આપી દેશે. બાપની પાસે કોઈ ચાલાક પણ છે - બાળકોને વહેંચીને (આપીને) બાકી પોતાનાં માટે રાખે છે. બસ અમે અહીયા ચાલીએ છીએ. એવું પણ કરે છે. આ તો બેહદ નાં બાપ છે. દરેક બાળકોને જાણે છે, ડ્રામા ને પણ જાણે છે. સમજે છે આમાં પૈસાની જરુર નથી. તે મિલેટ્રી પર ગવર્મેન્ટ (સરકાર) નો ખૂબ ખર્ચો થાય છે. તમારો ખર્ચો કાંઈ પણ નથી. રાત-દિવસ નો ફરક છે. તમે જાણો છો આ બધી મિલકત વગેરે ખતમ થઈ જવાની છે. આપણને ધરણી (ધરતી) જ નવી સતોપ્રધાન જોઈએ. હમણાં તો તમોપ્રધાન છે. લક્ષ્મીનું આહવાન કરે છે, તો આખાં ઘરની સફાઈ કરે છે, શુદ્ધ ઘરમાં દેવી આવે.

બાબા એ સમજાવ્યું છે દેવતાઓ આ ધરતી પર પગ નથી રાખતાં. એ ફક્ત સાક્ષાત્કાર કરાવે છે. સાક્ષાત્કાર માં પગ થોડી ધરતી પર હોય છે. મીરા પણ ધ્યાન માં જોતી હતી. અહીં કોઈ દેવતા આવી ન શકે. દેવતાઓ સતયુગ માં હોય છે કળિયુગ માં પછી એનાંથી વિરુધ્ધ છે. દેવતાઓ અને અસુરોની લડાઈ નથી. હકીકતમાં આ છે માયા સાથે લડાઈ. યોગબળ થી માયા પર જીત પહેરાવવા વાળા, સર્વ નાં સદ્દગતિ દાતા એક બાપ છે. પહેલાં-પહેલાં છે જ રુદ્ર માળા. ત્યાં આ માળાને કોઈ જાણતાં જ નથી. તમે સંગમયુગ પર જ જાણો છો કે બ્રાહ્મણોની માળા તો બની ન શકે. પાછળ છે પછી વિષ્ણુની માળા. આ બધી છે વિસ્તાર ની વાતો. કોઈ કહે છે અમને ધારણા નથી થતી. સારું કોઈ વાંધો નહીં. બાપને યાદ કરવા તો સહજ છે ને. તમે બાપને કેવી રીતે ભૂલો છો. જે બાપ પાસે થી સ્વર્ગ નો વારસો મળે છે. જબરજસ્ત કમાણી છે. છતાં પણ માયા બુદ્ધિનો યોગ હટાવી દે છે. સાજન જે શૃંગાર કરાવી મહારાણી બનાવે છે, એવાં સાજન ને ભૂલી જાઓ છો. અડધાકલ્પ માયા નું રાજ્ય ચાલે છે. હમણાં તમે માયા પર જીત મેળવી જગતજીત બનો છો.

આ આખી દુનિયા કેવી રીતે ચાલે છે - તમે આદિ થી અંત સુધી જાણો છો. નાટક જોઈને આવે છે, એમાં ખબર પડે છે અંતમાં હવે આ સીન (દૃશ્ય) હશે. એમાં એવું નથી. તમે જાણો છો સેકન્ડ પછી સેકન્ડ જે ચાલે છે તે ડ્રામા. ડ્રામા ના પટ્ટા પર મજબૂત રહેવાનું છે. જે કાંઇ થઇ જાય, ડ્રામા. નારાજ થવાની કોઇ વાત નથી. કોઈએ શરીર છોડ્યું એમને જઇ પોતાનો પાર્ટ ભજવવાનો છે. એક શરીર છોડી બીજું લીધું. તમારી બુદ્ધિમાં સ્વદર્શન ચક્ર ફરતું રહેવું જોઈએ. તમારે શંખધ્વનિ કરવાની છે, બાપનો પરિચય આપવાનો છે. હાથમાં ચિત્ર હોય કે આ લક્ષ્મી-નારાયણ ભારત નાં માલિક હતાં. હમણાં કળિયુગ છે. ફરી બાપ આવ્યાં છે-રાજ્ય ભાગ્ય આપવાં. અમે બ્રહ્મા કુમાર-કુમારી ભણી રહ્યાં છીએ, દાદા પાસેથી વારસો લઈ રહ્યાં છીએ. તમારે પણ લેવો હોય તો લો. આ છે તમારું નિમંત્રણ, પછી ખૂબ આવશે, વૃધ્ધિ થતી જશે. શિવજયંતી પર પણ સારો એવો અવાજ થશે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) ડ્રામા નાં પટ્ટા પર મજબૂત રહેવાનું છે. કોઈ પણ વાતમાં નારાજ નથી થવાનું. સદા રાજી રહેવાનું છે.

2) એક-બીજા ને સાવધાન કરી ઉન્નતિ મેળવવાની છે. ધંધા વગેરે કરતા પણ બાપની યાદમાં રહેવાનો પુરુષાર્થ કરવાનો છે.

**વરદાન :- સુખ સ્વરુપ બની બધાં ને સુખ આપવા વાળા માસ્ટર સુખદાતા ભવ**

સંગમયુગી બ્રાહ્મણ અર્થાત્ દુઃખનું નામ-નિશાન નહીં કારણ કે સુખદાતા નાં બાળકો માસ્ટર સુખદાતા હોય. જે માસ્ટર સુખદાતા, સુખ સ્વરુપ છે એ સ્વયં દુઃખમાં કેવી રીતે આવી શકે છે. બુદ્ધિ થી દુઃખધામ નો કિનારો કરી લીધો. તે સ્વયં તો સુખ સ્વરુપ રહે જ છે પરંતુ બીજાઓને પણ સદા સુખ આપે છે. જેમ બાપ દરેક આત્માને સદા સુખ આપે છે એમ બાપનું કાર્ય તે બાળકોનું કાર્ય. કોઈ દુઃખ આપી રહ્યું છે તો પણ તમે દુઃખ ન આપી શકો, તમારું સ્લોગન છે “ના દુઃખ દો, ના દુઃખ લો.”

**સ્લોગન :-** હર્ષિત અને ગંભીર બનવાનાં બેલેન્સ (સંતુલન) ને ધારણ કરી એકરસ સ્થિતિ માં સ્થિત રહો.